જૈશ–એ–મોહમ્મદ (JeM) સાથે જોડાયેલા આરોપીને હથિયારો સાથે ઝડપી આતંકી હુમલાનો પર્દાફાશ કરતી ગુજરાત એ.ટી.એસ.

તા:૨૭–૧૧–૨૦૨૫

ગુજરાત એ.ટી.એસ. દ્વારા સમગ્ર દેશમાં આતંકવાદી પ્રવૃત્તિઓમાં સંડોવાયેલા તથા પ્રતિબંધિત આતંકવાદી સંગઠનો સાથે જોડાયેલા શંકાસ્પદ વ્યક્તિઓ પર સતત અને સઘન નજર રાખવામાં આવી રહી છે. આ કામગીરીના ભાગરૂપે, એ.ટી.એસ.ના નાયબ પોલીસ અધિક્ષકશ્રી હર્ષ ઉપાધ્યાયનાઓને ગુપ્ત બાતમી મળેલ હતી કે ગુજરાત રાજ્ય બહારનો એક શખ્સ, જે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ–એ–મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલો છે, તે જૈશ–એ–મોહમ્મદના કોઈ હેન્ડલરના સંપર્કમાં રહી ગુજરાત રાજ્યમાં આતંકવાદી હુમલો કરવાની યોજના બનાવી રહ્યો છે. અને ગુજરાત રાજ્યમાં આવેલ કોઈ મહત્વપૂર્ણ સિક્યોરિટી એસ્ટાબ્લીશમેન્ટને નિશાન બનાવી ઓટોમેટિક એસોલ્ટ રાઇફલ વડે હુમલો કરવાના કાવતરાને અંજામ આપવા માટે જરૂરી તૈયારીના ભાગરૂપે તે આગામી બે–ત્રણ દિવસમાં ગુજરાત રાજ્યમાં આવવાનો છે.

જે અંગે ગુજરાત એ.ટી.એસ.ના ઉચ્ચ અધિકારીઓને જાણ કરતા તેઓની સુચના મુજબ પોલીસ અધિક્ષકશ્રી કે. સિદ્ધાર્થનાઓ તથા પોલીસ અધિક્ષકશ્રી કે.કે. પટેલ નાઓના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષકશ્રી હર્ષ ઉપાધ્યાયનાઓની આગેવાનીમાં પો.ઇન્સ.શ્રી વી.આર. જાડેજા, પો.ઇન્સ.શ્રી પી.બી દેસાઈ, પો.ઇન્સ.શ્રી જે.પી રોજીયા, પો.ઇન્સ.શ્રી ડી.ડી. રહેવર, પો.વા.ઇન્સ.શ્રી એમ.એન.શાહ, પો.વા.ઇન્સ.શ્રી ડી.વી. રાઠોડ તથા પો.સ.ઈ.શ્રી એમ.એન પટેલનાઓની ટીમ બનાવી ઉપરોક્ત બાતમી અંગે ટેક્નીકલી તથા હ્યુમન રીસોર્સીસથી ખરાઈ કરવામાં આવેલ.

ઉપરોક્ત બાતમી અંગે એ.ટી.એસ.ની ટીમ દ્વારા વડોદરા ખાતે સયાજીગંજ રેલ્વેસ્ટેશનની આજુબાજુમાં આવેલ હોટલ મીલનમાં તપાસ કરતા જાણવા મળેલ કે એક શંકાસ્પદ ઈસમ સવાર કલાક.૦૯/૦૦ વાગ્યે રૂમ ચેકઆઉટ કર્યા વગર ક્યાંક જતો રહેલ. જે બાદ હોટેલ ખાતેથી ઈસમ મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીન અંગે પ્રાથમિક વિગતો મળી આવેલ. જે બાદ ટેક્નિકલી માહીતી મેળવતા સદર ઈસમ દાહોદ તરફથી કોઇ વાહનમાં વડોદરા તરફ આવી રહેલ હોવાનુ જણાયેલ. જે બાદ પો.ઇન્સ.શ્રી વી.આર. જાડેજા, પો.ઇન્સ.શ્રી જે.એન. ચાવડા, પો.વા.ઇન્સ.શ્રી એમ.એન.શાહ, પો.સ.ઈ. શ્રી ડી.વી. રબારી, પો.સ.ઈ. શ્રી કે.આર.પટેલ તથા એ.ટી.એસ.ની ટીમ દ્વારા કાર્યવાહી

કરતા વડોદરા ખાતે હાલોલ–વડોદરા રોડ પર ગોલ્ડન ચોકડી નજીક નાકાબંધી કરી તપાસ હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન હોટલ દર્શન ની આસપાસમાં તપાસ કરતા પાલડી બસસ્ટેન્ડ પાસેથી શંકાસ્પદ ઈસમ ધ્યાને આવતા તેની અટકાયત કરવામાં આવેલ.

ઉપરોક્ત ઈસમ મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીનની વિગતે તપાસ કરતા તેની પાસેથી નીચે મુજબની ચીજવસ્તુઓ મળી આવેલ.

1. AK-47 જેવી બનાવટવાળીઓટોમેટિક એસોલ્ટ રાયફલ,
2. બે ખાલી મેગેઝીન,
3. ૨૩ જીવતા કારતૂસ,
4. જૈશ–એ–મોહમ્મદનો ધ્વજ
5. બે મોબાઇલ ફોન તથા સિમકાર્ડસ
6. અંદાજે ૨૦,૦૦૦ રુપિયા રોકડા

ઉપરોક્ત ઈસમના મોબાઈલમાં પ્રાથમિક તપાસ કરતા જાણવા મળેલ છે કે આરોપી કથિત રીતે જૈશ–એ–મોહમ્મદના સંપર્કમાં હતો. જે અંગેની વ્હોટ્સએપ ચેટ ચેક કરતા એરફોર્સ સ્ટેશન વડોદરાના ગેટ તથા અન્ય અગત્યના સ્ટ્રક્ચર ઉપર લાલ ચોકડી દર્શાવતી ઈમેજો મળી આવેલ છે. આરોપીએ આ સ્થળોને ટાર્ગેટ પોઈન્ટ હોવાનું જણાવેલ છે. ઉપરાંત એરફોર્સ સ્ટેશનની રેકી કરતો વીડિયો, ગૂગલ મેપ સ્ક્રીનશોટ, વિવિધ લિંક્સ, ઓડિયો–વિડિયો ક્લિપ્સ તથા વ્હોટ્સએપ ચેનલ/ગ્રુપ્સની લિંક્સ ઉપરાંત AK-47 જેવી બનાવટવાળીઓટોમેટિક એસોલ્ટ રાયફલ ચલાવવાની તાલીમ અંગેના વિડિયો મળી આવેલ છે. આમ ઉપરોક્ત ઈસમ પાકિસ્તાનસ્થિત હેન્ડલર મુફ્તી રફીક ઉર્ફે "ઈબ્ન અબ્દુલ્લા" સાથે સંપર્કમાં રહીને પ્રવૃત્તિઓ કરતો હોવાની શંકા છે.

ઉપરોક્ત ઈસમને તેની પાસે રહેલી રોકડ અંગે પુછતા, ૫૦,૦૦૦ની રોકડ નવો ફોન ખરીદવા તથા ઉપરોક્ત કાવતરાને અંજામ આપવા જરૂરી લોજીસ્ટિક સપોર્ટ માટે આપવામાં આવેલ હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત આરોપી ઘટનાને અંજામ આપી પાકિસ્તાન હિજરત કરી જૈશ–એ–મોહમ્મદ (JeM) ની તંજીમમાં આતંકી તરીકે જોડાઈ શહાદત આપવાનો ઈરાદો ધરાવતો હતો.

જે અંગે ઉપરોક્ત આરોપી વિરૂદ્ધ એ.ટી.એસ. પો.સ્ટે. ખાતે ફર્સ્ટ ગુ.ર.નં. ૦૮/૨૦૨૬ હેઠળ UAPA એક્ટ કલમ ૧૮, ૨૦, ૨૩(૧) તથા ૩૮ તેમજ બી.એન.એસ. કલમ ૬૧, ૧૪૮, ૧૪૯ તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧–એએ) મુજબનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. તથા આ કાવતરામાં સંડોવાયેલા અન્ય વ્યક્તિઓ તથા આતંકવાદી નેટવર્ક અંગે વધુ તપાસ ચાલુ છે.

પકડાયેલ આરોપીની વિગત:

- મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીન, ઉ.વ. ૨૨ રહે. આસામ

ધરપકડ કરેલ આરોપી



મોહમ્મદ શાહરૂલ ઈસ્લામ કબીરૂદ્દીન

પકડાયેલ હથિયાર

